અપીલ અરજી નં.૧૧૪ તા.૨૮–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ

સામાવાળાઃ–(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

(૨) આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૧–૬–૧૦ ની અરજીથી (૧) કમિશ્નર શ્રી તા.૩–૩–૧૦ (૨) સુરત શહેર મ્યુ.કમિશ્નર સમક્ષ તા.૫–૩–૧૦ (૩) ડે.કમિશ્નરશ્રી જનરલ તા.૬–૩–૧૦ (૪) પ્રતિ, કમિશ્નરશ્રી તા.૧૫–૩–૧૦ (૫) પ્રતિ, કમિશ્નરશ્રી તા.૧૦–૬–૧૦ આ અરજીઓ ખરેખર કમિશ્નરશ્રીએ વાંચી છે કે કેમ તેની માહિતી આપવી તેમજ ત્યારબાદ તેઓએ આ અરજીઓ બાબતે રીમાર્કમાં શું લખેલ છે? તેમજ જે તે અધિકારીઓને ટ્રાન્સફર કરી હોય તો જે તે ઝોન અને અધિકારીઓ ધ્વારા કોઈ કાર્યવાહી થઈ છે કે કેમ? તથા ન થઈ હોય તો જવાબદાર અધિકારીઓના નામ તથા અરજદાર ને જવાબ કેમ નથી આપ્યો તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૮–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૧૪/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૧–૬–૧૦ ની અરજીથી (૧) કમિશ્નર શ્રી તા.૩–૩–૧૦(૨) સુરત શહેર મ્યુ.કમિશ્નર સમક્ષ તા.૫–૩–૧૦ (૩) ડે.કમિશ્નરશ્રી જનરલ તા.૬–૩–૧૦ (૪) પ્રતિ, કમિશ્નરશ્રી તા.૧૫–૩–૧૦ (૫) પ્રતિ, કમિશ્નરશ્રી તા.૧૦–૬–૧૦ આ અરજીઓ ખરેખર કમિશ્નરશ્રીએ વાંચી છે કે કેમ તેની માહિતી આપવી તેમજ ત્યારબાદ તેઓએ આ અરજીઓ બાબતે રીમાર્કમાં શું લખેલ છે? તેમજ જે તે અધિકારીઓને ટ્રાન્સફર કરી હોય તો જે તે ઝોન અને અધિકારીઓ ધ્વારા કોઈ કાર્યવાહી થઈ છે કે કેમ? તથા ન થઈ હોય તો જવાબદાર અધિકારીઓના નામ તથા અરજદાર ને જવાબ કેમ નથી આપ્યો તેની માહિતી આપવા બાબતે આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૪૦ તા.૨–૭–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં નિર્દિષ્ટ વિવિધ અરજી મહાનગરપાલિકાને આપ્યાના આધાર સહની નકલો અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં. પીએચડી/ફુડ/૨૭૪ તા.૯–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગેનો પત્ર ન.પીએચડી/ફુડ/૨૦૭ તા.૩૦–૬–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી તેમજ અરજદાર તરફથી પણ અત્રેના વિભાગે માંગેલ અરજીઓની નકલો અત્રે મોકલવામાં આવેલ નથી કે જાહેર માહિતી અધિકારી તરફથી પણ તેની વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૧–૬–૧૦ ની અરજીથી મ્યુ.કમિ.શ્રીને જુદી જુદી તારીખે કરેલી અરજી અંગેની ઉપરોકત નિર્દિષ્ટ વિષય અને સંદર્ભે માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોનમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૪૩૮ તા.૨૩–૬–૧૦ થી સદર અરજી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન અને આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને આરોગ્ય અધિકારી તરફથી અરજદારને પત્ર નં.જાવક/પીએચડી/ફુડ/૨૦૦૭ તા.૩૦–૬–૧૦ થી અરજદારની તા.૧૦–૬–૧૦ ની અરજીના મુદૃા નં. ૪ અંગે (૧) પ્લોટ નં.૨૨/એ, પહેલો માળ, શિવાંજલી બિલ્ડીંગ , સરદાર એસ્ટેટા, ચોકસી મીલની ગલી, ઉધના મગદલ્લા રોડ ખટોદરા સુરત ખાતે આવેલ " શીવ નમકીન" નામની સંસ્થાના માલિક શ્રી પલકેશ બાબુભાઈ પટેલ વગર લાયસન્સે ધંધો કરતા હોય ફુડ વિભાગના ફુડ ઈન્સ્પેકટર ધ્વારા વગર લાયસન્સે ધંધો કરવા બદલ પી.એફ.એ.કેસ નં.૦૫/૨૦૧૦ તા.૨૭–૪–૧૦ ના રોજ કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. (૨) એ/૨ નવી શકિત વિજય સોસા., વરાછારોડ, સુરત ખાતે આવેલ " જેનીશ ઈન કોર્પોરેશન" નામની સંસ્થાને પી.એફ.એ.એકટ હેઠળનું લાયસન્સ નં.પીએફએ/ઈઝેડ/૦૨/૨૯૬ આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જયારે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી. જે બાબતે અરજદાર તરફથી મુળ અપીલ અરજી સાથે પણ આરટીઆઈ એકટની નિયમ–૬ મુજબ અરજદારે અપીલ અરજી સાથે સંદર્ભ અરજીઓની વિગતો રજૂ કરવાની હોય છે. જે બાબતે અરજદારને અપીલ તબકકે પત્રનં.આરટીઆઈ સેલ/૪૪૦ તા.૨–૭–૧૦ થી તક આપવા છતાં પણ તેમ કરવામાં નિષ્ફળ રહેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને અરજદારની નિર્દિષ્ટ અરજી મળેલ હોય તો તેનો પ્રત્યુત્તર પાઠવવો રહે. અત્રે એ પણ સૂચક છે કે અરજદારની મુળ અરજીની તા.૨૧–૬–૧૦ છે જેની સમય અવધિ આરટીઆઈ એકટની કલમ–૭(૧) હેઠળ પૂર્ણ થતાના ઘણા સમય પૂર્વે તા.૨૮–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલ અરજી સાથે જાહેર માહિતી અધિકારી ધ્વારા મળેલ માહિતીની નકલ અને નારાજગીનું વાજબીપણું જણાયેલ નથી. તે સંજોગોમાં અપીલનું કારણ ઉત્પન થતા પૂર્વે અપીલ કર્યાનું સ્પષ્ટ થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.ર૧–૬–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે અરજદાર ધ્વારા  અપીલનું  કારણ ઉત્પન થતા પહેલાં  અપીલ કરેલ હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.  તેમ છતાં  કાયદાનું હાર્દ ધ્યાને લઈ  જાહેર માહિતી અધિકારી અને  કાર્યપાલક ઈજનેર  ઉધનાઝોનને જો નિયત સમય અવધિમાં  નિકાલ કરેલ  હોય તો તેની  નકલ અરજદારને પૂરી પાડવા  અને નિકાલ કરેલ  ન હોય તો દિન–૭ માં  અત્રેની જાણ હેઠળ  નિકાલ કરી  અરજદારને સૂચિત કરવા  જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :     –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),  આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી .. ..જાણ તથા અમલ માટે

(ર) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,